પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે તો પ્રેરણા થોડાક વખતમાં જ રણ જેવી બની જાય છે
- ડો. વિક્રમ સારાભાઈ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૬ | ૧૫ ઓગષ્ટ, ૨૦૧૩, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# આજથી નવા સાત જિલ્લાઓ અસ્તિત્વમાં

## નવા ૭ જિલ્લામાં કલેક્ટરની નિમણૂંક : ગાંધીનગરના ડીડીઓ બી. જે. ભટ્ટ અરવલ્લી જિલ્લાના કલેક્ટર નિમાયા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના સાત નવા જિલ્લાઓ આવતીકાલે ૧૫મી ઓગસ્ટથી અમલમાં આવી જશે આની સાથે જ ગુજરાતમાં જિલ્લાઓની સંખ્યા વધીને ૩૩ થઈ જશે. સાત નવા જિલ્લાઓની જાહેરાત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી વેળા કરી હતી. આ વચન હવે પાળવામાં આવ્યુ છે. નવા જિલ્લાઓમાં અરવલ્લી, બોટાદ, છોટા ઉદેપુર, દ્વારકા, મહિસાગર, મોરબી અને સોમનાથગીરનો સમાવેશ થાય છે. દરમિયાન ગુજરાત સરકારે સાત નવા જિલ્લાની જાહેરાત કર્યાની સાથે આજ રોજ તમામ નવા જિલ્લામાં કલેક્ટરની




નિમણુંક કરી છે. રાજ્યનાં સામાન્ય વહીવટી વિભાગ દ્વારા નવા કલેક્ટરોના નામની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે આજે આદેશ જારી કરીને સાતેય જિલ્લામાં કલેક્ટરની નિયુક્તિ કરી છે. જેમાં દ્વારકામાં ડી.પી. જોષી, ગિર સોમનાથમાં સી.પી. પટેલ, અરવલ્લીમાં ડી.જે. ભટ્ટ મહેંદીસાગરમાં પ્રફુલ હર્ષે, મોરબીમાં શૈલેષ રાવલ, છોટાઉદેપુરમાં જેનુદેવન અને બોટાદ જિલ્લામાં નરમાવાલાની કલેક્ટર પદે નિયુક્તિ કરવામાં આવી છે. વહીવટી વિભાગે આ તમામ અધિકારીઓને ચાર્જ લેવા માટે જણાવ્યું છે જ્યારે હાલ પુરતી નવા જિલ્લામાં વિકાસ અધિકારી (ડીડીઓ) નિયુક્તિ થઈ નથી. પરંતુ જુના જિલ્લાનાં ડીડીઓને નવા જિલ્લાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

## અંક બંધ

આજે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તા. ૧૫-૮-૧૩, ગુરૂવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૬-૮-૧૩ શુક્રવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક













